બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પ્લેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ વદ અગિયારસ, બુધવાર ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૭૦

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

**ભારતને વ્યાપક અસરની શક્યતા : ઇરાનના સૌથી મોટા પાંચ વેપારી ભાગીદારોમાં ભારતનો સમાવેશ થાય છે**

# ઈરાન સાથે વેપાર કરનારા દેશો પર ૨૫ ટકા ટેરિફ

**ટ્રમ્પની** ધમકીઃ આ આદેશ અંતિમ અને નિર્ણાયક

**ભારત**, ચીન, યુએઇ જેવા દેશોને વધુ અસર થઇ શકે

ન્યૂયોર્ક/વોશિંગ્ટન, તા. 13(PTI): અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે ઈરાન સાથે વેપાર કરનાર કોઈપણ દેશે અમેરિકા સાથેના તેના વેપાર પર 25 ટકા ટેરિફ ચૂકવવી પડશે. ટ્રમ્પના આ પગલાથી ઈરાનના મુખ્ય વેપારી ભાગીદારો જેવા કે ભારત, ચીન અને યુએઈ (UAE) પ્રભાવિત થઈ શકે છે.

ટ્રમ્પે સોમવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, તાત્કાલિક અસરથી, ઈરાન સાથે વેપાર કરનાર કોઈપણ દેશે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા સાથે કરવામાં આવતા તમામ વ્યવસાયો પર 25 ટકા ટેરિફ ચૂકવવો પડશે. આ આદેશ અંતિમ અને નિર્ણાયક છે.

ઈરાનના મુખ્ય વેપારી ભાગીદારોમાં ચીન, તુર્કી, ભારત, યુએઈ, પાકિસ્તાન અને આર્મેનિયાનો સમાવેશ થાય છે. ટ્રમ્પની આ જાહેરાત ભારત પર અસર કરી શકે છે, કારણ કે ભારત તાજેતરના વર્ષોમાં ઈરાનના પાંચ સૌથી મોટા વેપારી ભાગીદારોમાં સામેલ રહ્યું છે. અમેરિકાએ પહેલેથી જ ભારત પર 50 ટકા ટેરિફ લાદી દીધો છે, જે વિશ્વમાં સૌથી વધુ છે, જેમાં દિલ્હી દ્વારા રશિયન ઊર્જાની ખરીદી માટેના 25 ટકા ટેરિફનો પણ સમાવેશ થાય છે.

તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસના જણાવ્યા અનુસાર, ઈરાનમાં ભારતની મુખ્ય નિકાસમાં ચોખા, ચા, ખાંડ, ફાર્માસ્યુટિકલ્સ

...અનુસંધાન પાના 11 પર

## ટ્રમ્પની ઇરાન ટેરિફની ધમકી સામે ચીનની વળતા પગલાની ચેતવણી

બેઇજિંગ, તા. 13(PTI): ઈરાની તેલના સૌથી મોટા ખરીદદાર ચીને, ઈરાન સાથે વેપાર કરતા દેશો પર 25 ટકા ટેરિફ લાદવાના યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણય સામે વળતા પગલાં લેવાની મંગળવારે ચેતવણી આપી છે. આ પ્રતિબંધોને કારણે સસ્તું તેલ આયાત કરવા પરની બેઇજિંગની નિર્ભરતા ખતમ થઈ શકે તેવી ચિંતાઓ વચ્ચે આ નિવેદન આવ્યું છે.
ટ્રમ્પે સોમવારે જાહેરાત કરી હતી કે ઈરાન સાથે "વ્યવસાય" કરતા કોઈપણ દેશે અમેરિકા સાથેના તેના વેપાર પર 25 ટકા આયાત વેરો ચૂકવવો પડશે. આ એક એવો નિર્ણય છે જેની અસર ઈરાનના મુખ્ય વ્યાપારી ભાગીદારો જેવા કે ચીન, ભારત અને યુએઈ પર પડી શકે છે. ટ્રમ્પની આ ધમકી પર પ્રતિક્રિયા આપતા ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે જણાવ્યું હતું કે, ટેરિફ વોરમાં કોઈ વિજેતા હોતું નથી, અને ચીન પોતાના કાયદેસરના અધિકારો અને હિતોનું દ્રઢપણે રક્ષણ કરશે.

### ભારત પર 575% સુધીના ટેરિફનો ખતરો!

**500% ટેરિફ બિલઃ** હમણાં દ્વિપક્ષીય બિલને ટ્રમ્પે સમર્થન આપ્યું છે જેમાં રશિયા સાથે વેપાર બદલ 500% ટેરિફની જોગવાઈ છે.
**રશિયા પેનલ્ટી (25%):** ભારત દ્વારા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી ચાલુ રાખવા બદલ લાદવામાં આવેલી વધારાની જકાત.
**ઈરાન પેનલ્ટી (25%):** તાજેતરની જાહેરાત મુજબ, ઈરાન સાથે વેપાર કરનાર દેશો પર લાદવામાં આવેલો નવો ટેરિફ.
**મૂળભૂત ટેરિફ (25%):** અમેરિકા દ્વારા અન્ય ભારતીય ઉત્પાદનો પર લાદવામાં આવતી સામાન્ય જકાત.

## ઈરાનમાં રક્તપાતઃ ૨,૦૦૦થી ૧૨,૦૦૦ લોકોનાં મોતના દાવાથી વિશ્વ સ્તબ્ધ

**ઇરાની** સરકારે બંધ કરેલી ફોન સેવાઓ ફરી ચાલુ થતા ઇરાનના લોકોએ વિદેશોમાં ફોન કોલ્સ કર્યા, અનેક માહિતી બહાર આવી

**જો કે** જાનહાનિના એકદમ ચોક્કસ આંકડા હજી પણ જાણી શકાતા નથી

**ઈરાન** પર લશ્કરી કાર્યવાહીની તૈયારી? ટ્રમ્પે અમેરિકી સેનાને 'રેડી મોડ' પર રહેવા આદેશ આપ્યો

દુબઇ, તા. ૧૩: ઈરાનમાં રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનોમાં મૃત્યુઆંક મંગળવારે વધીને ઓછામાં ઓછો 2,000 થયો હોવાનું કાર્યકરોએ જણાવ્યું હતું. સત્તાવાળાઓ દ્વારા કડક કાર્યવાહી દરમિયાન સંદેશાવ્યવહાર કાપી નાખ્યાના દિવસો પછી, ઈરાનીઓએ પ્રથમ વખત વિદેશમાં ફોન કોલ્સ કર્યા ત્યારે આ માહિતી સામે આવી હતી.

વિરોધ પ્રદર્શનો દરમિયાન હિંસાનું આવું સ્તર ઈરાનમાં દાયકાઓથી જોવા મળ્યું નથી. અમેરિકા સ્થિત 'હ્યુમન રાઇટ્સ એક્ટિવિસ્ટ્સ ન્યૂઝ એજન્સી', જે તાજેતરના વર્ષોમાં અગાઉની અશાંતિ દરમિયાન સચોટ રહી છે, તેણે આ તાજો મૃત્યુઆંક આપ્યો છે. આ સંસ્થા ઈરાનમાં રહેલા સમર્થકો દ્વારા માહિતીની ખરાઈ પર આધાર રાખે છે. આ જૂથે જણાવ્યું હતું કે બે અઠવાડિયાથી વધુ સમયના વિરોધ પ્રદર્શનોમાં માર્યા ગયેલા લોકોમાં 1,847 પ્રદર્શનકારીઓ અને 135 સરકાર સાથે જોડાયેલા વ્યક્તિઓ હતા. વધુમાં નવ બાળકો અને અન્ય નવ નાગરિકો પણ માર્યા ગયા હતા, જેઓ વિરોધ પ્રદર્શનોમાં ભાગ લઈ રહ્યા નહોતા. ઈરાનમાં ઇન્ટરનેટ બંધ હોવાને કારણે

...અનુસંધાન પાના 11 પર



### ટ્રમ્પે વાટાઘાટ રદ કરી, વિરોધકર્તાઓને કહ્યું કે મદદ આવી રહી છે

**જર્મન** ચાન્સેલરે કહ્યુંઃ ઇરાન સરકાર ખતમ થઇ ગઇ

ભારતની મુલાકાતે આવેલા જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે મંગળવારે કહ્યું હતું કે ઈરાનમાં હવે સરકારની રમત ખતમ થઈ ગઈ છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે સૈન્ય કાર્યવાહીની યોજના હાલ પૂરતી સ્થગિત કરી દીધી છે. જો કે, અમેરિકી સેનાને તૈયાર રહેવા માટે કહેવામાં આવ્યું છે, જેથી આદેશ મળતાની સાથે જ તાત્કાલિક એક્શન લઈ શકાય. પ્રમુખ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું હતું કે તેમણે ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોના દમન વચ્ચે ઈરાની અધિકારીઓ સાથેની વાતચીત રદ કરી છે, અને ઈરાની નાગરિકોને કહ્યું છે કે મદદ આવી રહી છે. ટ્રમ્પે આ મદદમાં શું સામેલ હશે તે વિશે કોઈ વિગતો આપી ન હતી, પરંતુ આ પગલું ત્યારે આવ્યું છે જ્યારે રિપબ્લિકન પ્રમુખે અગાઉ આ અઠવાડિયે કહ્યું હતું કે ઇસ્લામિક રિપબ્લિક પર હુમલો કરવાની તેમની ધમકી પછી ઈરાન વોશિંગ્ટન સાથે વાટાઘાટો કરવા માંગે છે. જો કે, સોશિયલ મીડિયા પરના તેમના તાજેતરના સંદેશ સાથે, ટ્રમ્પ ઈરાની સરકાર સાથે જોડાવાની તેમની ઈચ્છા અંગે અચાનક બદલાવ કરતા જોવા મળ્યા હતા.

### ઇરાનમાં ૧૨ હજારની હત્યા થઇ હોવાનો બ્રિટિશ વેબસાઇટનો દાવો

**મોટા** ભાગના મૃતકો ૩૦ વર્ષથી નીચેની વયના

ઈરાનમાં 12 હજાર પ્રદર્શનકારીઓની હત્યા કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ઈરાનની બાબતો પર નજર રાખતી બ્રિટિશ વેબસાઈટ 'ઈરાન ઈન્ટરનેશનલ' એ દાવો કર્યો છે કે આ હત્યાઓ છેલ્લા 17 દિવસમાં થઈ છે. વેબસાઈટે તેને ઈરાનના આધુનિક ઈતિહાસનો અત્યાર સુધીનો સૌથી મોટો નરસંહાર ગણાવ્યો છે. બીજી તરફ, ન્યૂઝ એજન્સી રોઇટર્સે ઈરાની અધિકારીઓના હવાલાથી મૃત્યુઆંક 2,000 હોવાનું જણાવ્યું છે. વેબસાઈટનું કહેવું છે કે આ માહિતી અનેક સ્ત્રોતો પર આધારિત છે. આ ડેટાની વિવિધ સ્તરે તપાસ કરવામાં આવી છે અને કડક વ્યાવસાયિક ધોરણો મુજબ પુષ્ટિ થયા પછી જ જાહેર કરવામાં આવ્યો છે. માર્યા ગયેલા લોકોમાં મોટાભાગના 30 વર્ષથી ઓછી ઉંમરના યુવાનો હતા એમ જણાવાયું છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે મોટાભાગની હત્યાઓ 'રિવોલ્યુશનરી ગાર્ડ્સ' અને 'બસીઝ ફોર્સ' દ્વારા ગોળી મારીને કરવામાં આવી છે અને આ બધું સુપ્રીમ લીડર અલી ખામેનેઈના આદેશ પર થયું છે એવો દાવો કરવામાં આવ્યો છે કે મોટાભાગની હત્યાઓ 8 અને 9 જાન્યુઆરીની રાત્રે થઈ હતી. સરકાર ઈન્ટરનેટ અને કોમ્યુનિકેશન ઠપ કરીને પોતાના ગુના દુનિયાથી છુપાવી રહી છે.

---

**ગુજરાતમિત્ર**

**અંક બંધ**

આજે મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે **'ગુજરાતમિત્ર'** કાર્યાલયમાં રજા રહેશે, જેથી આવતીકાલ તા. ૧૫-૧-૨૦૨૬નો અંક પ્રસિદ્ધ થશે નહીં, જેની નોંધ લેવા સૌ વાચક મિત્રોને વિનંતી.

**-- વ્યવસ્થાપક**

---

**દિલ્હી ડાયરી**



### જયશંકરે કહ્યું, અમે ટ્રમ્પના વહીવટીતંત્રથી ગભરાતા નથી

૨૦૨૫માં વિદેશ નીતિ અને વેપાર સંબંધોએ સંપૂર્ણપણે સ્થાનિક ઘટનાઓને ઢાંકી દીધી. મીડિયાને પણ આ મહત્ત્વપૂર્ણ મુદ્દા પર વધુપડતું ધ્યાન કેન્દ્રિત કરવું પડ્યું.

રસપ્રદ વાત એ છે કે, ૨૦૨૫ની શરૂઆત આશાવાદી માહોલમાં થઈ. વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે ૨૦૨૫ના અંત પહેલા જ કહ્યું હતું, ''કેટલાક લોકોથી વિપરીત, અમે ટ્રમ્પના નેતૃત્વ હેઠળના યુએસ વહીવટથી ગભરાતા નથી. કારણ કે, અમારા હિતો એક સમાન છે.'' જોકે, થોડા મહિનાઓ પછી જ્યારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એકતરફી રીતે ભારતીય માલ પર ૨૫ ટકા ટેરિફ લાદ્યો, જે બાદમાં વધારીને ૫૦ ટકા કરવામાં આવ્યો ત્યારે અમે ખૂબ જ આઘાત પામ્યા.

અમારા વિદેશ કાર્યાલયને એ વાતનું જરાપણ અનુમાન ન હતું કે, ટ્રમ્પરૂપી વાવાઝોડું આપણા કિનારા પર ટકરાવાનું છે, પરંતુ પહેલગામ આતંકવાદી હુમલા પછી તેના સંકેતો સ્પષ્ટ દેખાઈ રહ્યા હતા. ભારતના જૂના શત્રુ પાકિસ્તાને ફિલ્ડ માર્શલ અસીમ મુનીરના રૂપમાં નવી દિલ્હીને એટલી તેજીથી હરાવ્યું જે તેજીથી તેમણે પાકિસ્તાનની લોકશાહીના છેલ્લા અવશેષોને ખતમ કર્યા હતા.

ભારત પહેલગામ માટે લશ્કરી રીતે બદલો લે તે પહેલાં જ, આસિફ મુનીરે ઉતાવળમાં ટ્રમ્પ પરિવારની એક કંપની સાથે એક ખૂબ જ નફાકારક ક્રિપ્ટોકરન્સી ડીલ કરી, જેમાં ટ્રમ્પના વ્યવસાયિક ભાગીદાર ઝહરી વિટકોફે પાકિસ્તાનની

...અનુસંધાન પાના 11 પર

---

**કૂતરા કરડવાના બનાવોમાં રાજ્યોને ભારે વળતર ચુકવવાનું કહીશું: સુપ્રીમ કોર્ટ**

# રખડતા કૂતરા કરડશે તો સરકારે ચૂકવવું પડશે 'ભારે વળતર'

**રાજ્ય** સરકારોએ રખડતા પશુઓ અંગેના નિયમોના પાલન બાબતે છેલ્લા પાંચ વર્ષમાં કંઇ કર્યું નથીઃ કોર્ટે રાજ્યોની નિષ્ફળતા પર સવાલો ઉઠાવ્યા

**કૂતરા** પ્રેમીઓ પણ હવે જવાબદારીમાંથી બચી શકશે નહીં

**શ્વાન** કરડવાના બનાવો અંગે કૂતરાઓને ખવડાવનારાઓને પણ જવાબદાર ગણવામાં આવશે

નવી દિલ્હી, તા. ૧૩(પીટીઆઇ): સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે તે રખડતા શ્વાન કરડવાની ઘટનાઓ માટે રાજ્યોને ભારે વળતર ચૂકવવા માટે કહેશે, જ્યારે કે કોર્ટે રખડતા પશુઓ અંગેના નિયમોના છેલ્લા પાંચ વર્ષમાં અમલીકરણના અભાવ પર પોતાની ચિંતા વ્યક્ત કરી હતી.

જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન.વી. અંજારિયાની ખંડપીઠે જણાવ્યું હતું કે કૂતરા પ્રેમીઓ અને તેમને ખવડાવનારાઓને પણ શ્વાન કરડવાની ઘટનાઓ માટે જવાબદાર અને જવાબદારીપાત્ર ગણવામાં આવશે.

શ્વાન કરડવાની દરેક ઘટના, મૃત્યુ અથવા બાળકો કે વૃદ્ધોને થતી ઈજાઓ માટે અમે રાજ્ય સરકારોને ભારે વળતર ચૂકવવા માટે કહીશું, કારણ કે તેઓએ છેલ્લા પાંચ વર્ષમાં નિયમોના અમલીકરણ માટે કંઈ કર્યું નથી. આ ઉપરાંત, જેઓ આ રખડૂ કૂતરાઓને ખવડાવે છે તેમની પણ જવાબદારી અને જવાબદેહી નક્કી કરવામાં આવશે. જો તમે આ પ્રાણીઓને આટલો પ્રેમ કરતા હોવ, તો તમે તેમને તમારા ઘરે કેમ નથી લઈ જતા? આ કૂતરા કેમ અહીં-તહીં રખડવા જોઈએ, લોકોને કરડવા જોઈએ અને ડરાવતા હોવા જોઈએ?" તેમ જસ્ટિસ નાથે જણાવ્યું હતું.

જસ્ટિસ મહેતાએ જસ્ટિસ નાથના વિચારો સાથે સહમતી દર્શાવતા કહ્યું, જ્યારે શ્વાન 9 વર્ષના બાળક પર હુમલો કરે ત્યારે કોને જવાબદાર ગણવા જોઈએ? તે સંસ્થાને જે તેમને ખવડાવી રહી છે તેને? તમે ઈચ્છો છો કે અમે આ સમસ્યા પ્રત્યે અમારી આંખો બંધ કરી લઈએ. સર્વોચ્ચ અદાલત તેના 7 નવેમ્બર, 2025 ના આદેશમાં ફેરફાર કરવાની માંગ કરતી કેટલીક અરજીઓની સુનાવણી કરી રહી હતી, જેમાં સત્તાવાળાઓને સંસ્થાકીય વિસ્તારો અને રસ્તાઓ પરથી આ રખડતા પ્રાણીઓને હટાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ગયા વર્ષે ૨૮ જુલાઈના રોજ એક મીડિયા રિપોર્ટના આધારે સર્વોચ્ચ અદાલતે જાતે જ સંજ્ઞાન (suo motu) લઈને આ કેસની સુનાવણી હાથ ધરી છે. આ રિપોર્ટમાં રાષ્ટ્રીય રાજધાનીમાં રખડતા કૂતરાઓના કરડવાથી થતા હડકવાના કેસો, ખાસ કરીને બાળકોમાં વધતા કિસ્સાઓ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

### શ્વાન પ્રેમીઓ કૂતરા પકડનારાઓ પર હુમલા કરે છેઃ સુપ્રીમે ગુજરાતનો દાખલો ટાંક્યો

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે સૌથી ખરાબ બાબત એ છે કે ગુજરાતના એક વકીલને બગીચામાં શ્વાને બચકું ભર્યું હતું અને જ્યારે નાગરિક સત્તાવાળાઓ તે પ્રાણીને પકડવા ગયા ત્યારે શ્વાન પ્રેમી હોવાનો દાવો કરનારા વકીલોએ નાગરિક અધિકારીઓ પર હુમલો કર્યો હતો.

### સુપ્રીમ કોર્ટનો વળતર અને જવાબદારી અંગેનો પ્રસ્તાવ

| વિગત | કોર્ટનું વલણ |
| --- | --- |
| રાજ્ય સરકારની ભૂમિકા | શ્વાન કરડવાની દરેક ઘટના, ઈજા કે મૃત્યુ બદલ ભારે વળતર ચૂકવવું પડશે. |
| કૂતરા પ્રેમીઓ/ફીડર્સ | જેઓ રખડતા કૂતરાઓને ખવડાવે છે તેમની પણ કાનૂની જવાબદારી નક્કી થશે. |
| નિષ્ફળતાનું કારણ | છેલ્લા ૫ વર્ષમાં નિયમોના અમલીકરણમાં રાજ્યોની ઘોર બેદરકારી. |
| કોર્ટનું અવલોકન | "જો આટલો પ્રેમ હોય તો કૂતરા ઘરે લઈ જાવ!." |

---

**શ્રમ મંત્રાલયની કડકાઈ બાદ નિર્ણય; હવે ગિગ વર્કર્સની સુરક્ષા પર અપાશે વધુ ભાર**

# ક્વિક-કોમર્સમાં '10-મિનિટ'ની રેસનો અંત

**બ્લિન્કિટે** આ દાવો પડતો મૂક્યો, ઝેપ્ટો અને ઇન્સ્ટામાર્ટ જેવી કંપનીઓ પણ આને અનુસરે તેવી શક્યતા

**આ દાવા** મુજબ ડિલિવરી પહોંચાડવા કર્મચારીઓ પોતાના જીવ જોખમમાં મૂકતા હતા




નવી દિલ્હી, તા. ૧૩(પીટીઆઇ): એટર્નલની માલિકીની ક્વિક-કોમર્સ ફર્મ બ્લિંકિટે ડિલિવરી કામદારોના કલ્યાણ અને સુરક્ષા અંગેની વધતી જતી ચિંતાઓ વચ્ચે શ્રમ મંત્રાલયના હસ્તક્ષેપ પછી તેનો '10-મિનિટ' ડિલિવરીનો દાવો પડતો મૂક્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ઝેપ્ટો અને સ્વિગીની માલિકીની ઈન્સ્ટામાર્ટ જેવા અન્ય એગ્રીગેટર્સ પણ આગામી દિવસોમાં આનુ અનુસરણ કરે તેવી અપેક્ષા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે '10-મિનિટ' ડિલિવરીની સમયમર્યાદા હટાવવાનો નિર્ણય કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાએ આ બાબતે ડિલિવરી એગ્રીગેટર્સને સમજાવ્યા બાદ લીધો હતો. માંડવિયાએ ગયા અઠવાડિયે બ્લિંકિટ, ઝેપ્ટો, ઝોમેટો અને સ્વિગી સહિતના અગ્રણી પ્લેટફોર્મ્સ સાથે ડિલિવરીની સમયમર્યાદાને લગતી ચિંતાઓને દૂર કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી. સૂત્રોએ વધુમાં ખુલાસો કર્યો હતો કે બ્લિંકિટે પહેલેથી જ આ નિર્દેશ પર કાર્યવાહી કરી છે અને તેના બ્રાન્ડિંગમાંથી 10-મિનિટની ડિલિવરીનું વચન હટાવી દીધું છે.

આ પગલાનો ઉદ્દેશ્ય ગિગ વર્કર્સ માટે વધુ સુરક્ષા, સલામતી અને કામ કરવાની સુધારેલી સ્થિતિ સુનિશ્ચિત કરવાનો છે. આ ફેરફારના ભાગરૂપે, બ્લિંકિટે તેના

...અનુસંધાન પાના 11 પર




તા. ૧૩-૦૧-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૧.૪° સે. | ૧૫.૦° સે. | ૩૯% |